## વડીલોને વંદન અભિનંદન



વર્ષાબેન યોગેશભાઈ ત્રિવેદી (૧૯૫૭) ફોનઃ ૨૩૨૧૩૧૭૬

## ફરજ પ્રત્યે બેદરકારી દાખવનાર ત્રણ કર્મચારીઓને નોટીસ

હિંમતનગર, તા.૩૦

કલેકટર કચેરીની ડીઝાસ્ટર શાખામાં ગત તા.૨૬ એપ્રિલના રોજ ફરજ પર હાજર ન રહી બેદરકારી દાખવનાર ત્રણ કર્મચારીઓને બુધવારે કલેકટર દ્વારા નોટીસ આપી ખુલાસો માગવામાં આવતા કર્મચારી આલમમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

આ અંગેની વિગત એવી છે કે ગત તા.૨૬ એપ્રિલના રોજ નેપાળમાં આવેલા ભૂંકપને લઈ સાબરકાંઠામાં ડીઝાસ્ટર શાખાના કંટ્રોલરૂમમાં ફરજ પર મુકાયેલા જિલ્લા પુરવઠા મામલતદાર કચેરીના કે. આર. નિનામા, જે. કે. મહેતા અને એમ. કે. રાઠોડ હાજર ન હતા. જે અંગે તપાસ કરવામાં આવતા આ ત્રણેય કર્મચારીઓએ ફરજ પ્રત્યે બેદરકારી દાખવી હોવાનું જણાયુ હતું. જેથી બુધવારે જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ દ્વારા ત્રણેય કર્મચારીઓને નોટીસ આપી ખુલાસો માગવામાં આવ્યો છે.

## ભિલોડા એન. આર. એ. વિદ્યાલયમાં સમર કોચીંગ કેમ્પનો શુભારંભ

ભિલોડા,તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા એન.આર.એ.વિદ્યાલયમાં સમર કોચીંગ કેમ્પનો શુભારંભ યોજાયો.ખેલ મહાકુંભમાં ફુટબોલ તથા હેન્ડબોલના જીલ્લા કક્ષાના વિજેતા ખેલાડીઓનો સમર કોચીંગ કેમ્પ ભિલોડાની એન.આર.એ. વિદ્યાલયમાં યોજાયો છે. ઉદ્‌ઘાટન પ્રસંગે ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ અમરતભાઈ બરંડા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ ગુણવંતભાઈ ત્રિવેદી,સરપંચ મનોજભાઈ પટેલ, જનસેવા સંઘ ઉપપ્રમુખ કમલેશભાઈ મહેતા, ભિલોડા વેપારી એસોસીએશન પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદી, આચાર્ય આર.કે.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# આજથી જિલ્લામાં સઘન સ્વચ્છતાલક્ષી કાર્યક્રમો

ગાંધીનગર, તા.૩૦

તા. ૧, મે ગુજરાત રાજયનો સ્થાપના દિવસ છે. આ દિનની ઉજવણી સમગ્ર રાજયમાં ખૂબ જ ઉત્સાહભેર કરવામાં આવનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં રાજય સ્થાપના દિનની ભવ્યાતિભવ્ય ઉજવણી આવતીકાલે સવારના ૯.૦૦ કલાકે કલોલ શહેરના કેઆઈઆરસી એન્જીનીયરંગ કેમ્પસ, કલોલ મહેસાણા હાઈવે ખાતે થનાર છે. સ્થાપના દિન નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા અભિયાનના પખવાડિયાનો પણ આરંભ થનાર છે.

સ્વચ્છતા અભિયાનના પખવાડિયા દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં તા. ૧, મે ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સહિત મહાનુભાવોની -તિમાની સફાઈ થશે. તેમજ સેકટર ૪માં આવેલ ઓમકાલેશ્વર મંદિર, સેકટર૧૬માં આવેલ બાલાજી મંદિર, સેકટર૨૦માં આવેલ અક્ષરધામ મંદિર અને ખ૬ સર્કલ, ગૌત્તમ બુધ્ધની -તિમાની સફાઈ કરવામાં આવશે. તા. ૨ મે ના રોજ બસ સ્ટેશન, સેકટર ૨ સ્વામીનારાયણ મંદિર, રેલ્વે સ્ટેશન, આંકડા બ્યુરો ઓફિસ, જી.ઈ.બી છાપરા અને સેકટર૨૫માં સફાઈ ઝુંબેશ યોજાશે. તા. ૩ મે ના રોજ ગ ૨, સેકટર૨૭, સેકટર૨૨ પાસે આવેલ હોસ્પિટલ, સિવીલ હોસ્પિટલ અને સેકટર૨૩ શોપીંગ વિસ્તારની સફાઈ કરવામાં આવશે. તા. ૪ મે ના રોજ ગાંધીનગરના વિવિધ સર્કલોની સફાઈ કરવામાં આવનાર છે. તા. ૫ મેના રોજ સેકટર૬, ૭, ૨૧ અને ૨૪ શાક માર્કેટ, મીના બજાર, ઘ ૫ ખાણીપીણી બજારની સફાઈ કરવામાં આવશે.

પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં તા. ૧ મે ના રોજ બસ સ્ટેન્ડથી જૈન દેરાસર સુધી સફાઈ અને નાગરિકોને સાંકળી જન જાગૃતિ રેલી યોજાશે. તા. ૨ મે ના રોજ બસ સ્ટેન્ડની સફાઈ કરવામાં આવશે. તા. ૩ મે ના રોજ અર્બન હેલ્થ સેન્ટરની સફાઈ કરવામાં આવશે. તા. ૪ મે ના રોજ ચરેડી રોડ, ગોરવપથ રોડ, મુલચંદ પાર્કથી જી.ઈ.બી રોડ, બળીયા દેવ માર્ગ, ડેલા વિસ્તાર રોડ, ખાકચોક મંદિર રોડ, મેઈન બજાર રોડ તથા જાહેર તમામ સ્થળોની સફાઈ તથા પેથાપુર ચાર રસ્તા સર્કલની સામૂહિક સફાઈ કરવામાં આવનાર છે. તા. ૫ મેના રોજ શાકમાર્કેટ તથા બજાર વિસ્તારની સફાઈ કરવામાં આવશે.

# ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિ બનાવવાના પંદર દિવસીય તાલીમ વર્ગોનો શુભારંભ

### ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી દ્વારા અમદાવાદ ખાતે તાલીમ આપવામાં આવી રહી છે

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યના યુવાનોને રોજગારી મળે ઉત્તમ કારીગરો ગુજરાતને મળે તે માટે ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા દ્વારા ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિ બનાવવાના પંદર દિવસીય તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.



રાજ્યમાં અને દેશમાં ગણેશ મહોત્સવ તેમજ અલગ અલગ ધાર્મિક કાર્યક્રમોમાં પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓ ઉપયોગમાં લેવામાં આવે છે. મૂર્તિઓ પાણીમાં વિસર્જન કરવામાં આવે છે ત્યારે પાણીમાં મૂર્તિઓ ઓગળી શકતી નથી અને પર્યાવરણને નુકસાન પહોંચે છે.

ગુજરાત રાજ્ય માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા દ્વારા પ્લાસ્ટર ઓફ પેરીસની જગ્યાએ ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિ બનાવવાના પંદર દિવસીય તાલીમ વર્ગો યોજવામાં આવ્યા છે. તાલીમ વર્ગો ઈસરો પાસે સદ વિચાર પરિવાર ખાતે ગત તા. ૨૧ એપ્રિલથી ૫મી મે સુધી સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન યોજાય છે.

તેમજ ગુલબાઈ ટેકરા સ્થિત સરસ્વતી શાળા નંબર-૭, ૮ ખાતે ગત ૨૩એપ્રિલથી ૭મી મે દરમિયાન સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે. તાલીમ વર્ગોમાં અંદાજે પાંચસોથી વધુ તાલીમાર્થીઓ જોડાય છે.

ગુજરાત માટીકામ અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા કારીગરોને વિનામૂલ્યે તાલીમ, સ્ટાઈપેન્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવશે. સંસ્થા દ્વારા પર્યાવરણ બચાવવા પગલુ ભરવામાં આવ્યું છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, સુરત શહેરમાં ગણેશ મહોત્સવ વખતે અંદાજીત બે લાખ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવે છે. અને તેના કારણે પાણીમાં પ્રદૂષણ ફેલાય છે.



પ્લાસ્ટરની મૂર્તિઓ પાણીમાં પીગળતી નથી. પાણીમાં ઝેર ઉત્પન્ન થાય છે. માછલીઓ સહિત પાણીજન્ય પ્રાણીઓ મોતને ભેટે છે. સંસ્થાએ પર્યાવરણ બચાવવા માટે લીધેલું પગલું સરાહનીય છે.

# ગુજરાતના સાડા છ કરોડ ગુજરાતીઓ ગતિશીલ ગુજરાતના હૃદય સમાન છે

### ૫૫માં ગુજરાત ગૌરવ દિવસ નિમિત્તે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની દેશ-વિદેશના ગુજરાતીઓને અંતઃકરણની શુભેચ્છાઓ

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતના ૫૫ મા સ્થાપના દિવસ નિમિત્તે દેશ-વિદેશના સૌ ગુજરાતીઓને અંતઃકરણની શુભેચ્છાઓ પાઠવી છે. ગુજરાત ગૌરવ દિવસની હાર્દિક શુભેચ્છા પાઠવતા તેમણે જણાવ્યું છે કે, ગુજરાતી સંસ્કૃતિ અને ગરિમાની યાત્રા અતિતથી અનંત સુધી શાશ્વત છે. આજના પ્રગતિશીલ ગુજરાતને ઘડવામાં અનેક નામી-અનામી ગુજરાતીઓની જનશક્તિનું સામર્થ્ય ઝળક્યું છે. ગુજરાતના સાડા છ કરોડ ગુજરાતીઓ ગતિશીલ ગુજરાતના હૃદય સમાન છે.



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આ પ્રજાજોગ સંદેશામાં જણાવ્યું છે કે, ગુજરાતના સપૂત અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના જન-જનમાં નવી આશાનો સંચાર થયો છે અને ગુજરાતમાં પણ આપણે એ જ ગતિથી એ જ દિશામાં વિકાસની વણથંભી યાત્રાનો માર્ગ કંડાર્યો છે. ગુજરાતે મહિલા સશક્તિકરણની અનેક યોજનાઓ અમલમાં મૂકી, નારી શક્તિનું સન્માન કર્યું છે. ગુજરાતને મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ઘરશૌચાલય બનાવવામાં પણ દેશમાં અગ્રેસર છે.

ગુજરાતમાં વસતા, ગુજરાત બહાર સ્થાયી થયેલા અને વિશ્વભરમાં ગુજરાતની ગરિમા ઉન્નત કરનારા સૌ ગુજરાતીઓને મારી અને મારા મંત્રીમંડળની ગુજરાત ગૌરવ દિવસની હાર્દિક શુભેચ્છાઓ-શુભકામનાઓ. સ્વતંત્ર રાજય તરીકે ગરવી ગુજરાતે ૫૪ વર્ષની યાત્રા પૂરી કરી છે પરંતુ ગુજરાતની સંસ્કૃતિ અને ગરિમાની યાત્રા અતિતથી અનંત સુધી શાશ્વત છે.

૧ લી મે, ૧૯૬૦ના દિવસે ગુજરાતીઓ તરીકે, ગુજરાતના ભાગ્યનું નિર્માણ કરવાની એક યાત્રાનો આપણે આરંભ કર્યો.

મહાત્મા ગાંધી, સરદાર સાહેબ, સ્વામી દયાનંદ સરસ્વતી, શ્યામજી કૃષ્ણ વર્મા, પૂજય રવિશંકર મહારાજ, ઈન્દુચાચા અગણિત એવા મહાપુરુષો અને મનિષિઓના આશીર્વાદ, અનેક સર્જકો-સાહિત્યિકારોનું માર્ગદર્શન, લોકોનો અવિરત કઠોર પરિશ્રમ આ બધાની સફળ પરિપાટીએ આપણા ગુજરાતની સાડા પાંચ દાયકાની વિકાસયાત્રાની મંઝિલ આપણે પાર કરી છે.

આજે એ સૌનું સ્મરણ કરવાનો, ઋણસ્વીકાર સાથે અભિવાદન- અભિનંદન કરવાનો અવસર છે. પડકારો વચ્ચે પણ પ્રગતિશીલ ગુજરાતને ઘડવામાં ગુજરાતીઓની જનશકિતનું સામર્થ્ય ઝળકયું છે.

પુરૂષાર્થમાં ઓટ નથી આવી એટલે જ પ્રગતિની ગતિશીલતા વેગવંતી બની છે. હરેક સમાજનું સત્વ પરિવર્તનમાં રહેલું છે.

# કંબોસણી નજીક જીપ પલટી ખાઈ જતા મહિલા સહિત ત્રણના મોત : ૧૨ને ઈજા

હિંમતનગર, તા.૩૦

સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકાના કંબોસણી ગામ નજીક ગુરુવારે સવારે પીક અપ ડાલું રોડ વચ્ચે નીલ ગાય આવી જતા પલ્ટી ગયેલ જેમાં એક મહિલા સહીત ત્રણ ના સ્થળ પર મોત નીપજયા હતા જયારે ૧૨ ને ઈજા થવા પામી હતી. આ અંગે પોલીસને જાણ થતા સ્થળ પર પહોચી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે વડાલી થી ૧૨ કિમી ધરોઈ માર્ગ પર આવેલ કંબોસણી ગામ નજીક ગુરુવારે સવારે રોડ વચ્ચે નીલગાય આવી જતા પીક અપ ડાલું પલ્ટી ગયું હતું. જેમાં અંદર બેઠેલ મુસાફર પૈકી એક મહિલા,પુરુષ અને બાળક સહીત ત્રણ ના ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નીપજયા હતા. જયારે ૧૨ જેટલા વ્યક્તિઓને શરીરે ઈજાઓ થવા પામી હતી.તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ ધ્વારા સારવાર અર્થે વડાલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,ઈડર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને હિમતનગર સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

જોકે આજે બસની હડતાલ હોવાને લઈને મહેસાણાના જીલ્લાના સતલાસણા થી વડાલી તરફ શાકભાજી લેવા આવી રહેલા પીક અપ જીપ ડાલામાં ટીંબા ગામના મુસાફરો સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના પીપલોદી ગામે લગ્ન માં જવા માટે જીપમાં સવાર થયા હતા અને રસ્તામાં રોડ વચ્ચે અચાનક રોઝ ડાલા સાથે ટકરાયુ હતુ અને જેને લઈ આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આજની બસ હળતાલ આ મુસાફરો માટે પડી મોંઘી અને ગુમાવ્યો ત્રણ લોકોએ જીવ. જો આજે બસ હળતાલ ન હોત તો કદાચ આ મુસાફરોની જીવ બચી જાત. હાલ તો વડાલી પોલીસે ઘટના સ્થળે પહોચીને ઘટતી કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ નીલ ગાય નું પણ મોત નીપજયું હતું.

# હિંમતનગર એસ.ટી. ડિવિઝનની બસોના પૈડા થંભી ગયા

હિંમતનગર, તા.૩૦

કેન્દ્ર સરકારના રોડ સેફ્ટી બીલના વિરોધમાં અનેક રાજયોના ટ્રાન્સપોર્ટ નિગમના કર્મચારીઓએ ૩૦મી એપ્રિલ ગુરૂવારના રોજ એક દિવસીય હડતાળ એલાન કરતા સાબરકાંઠા જિલ્લામાં પણ ૩ હજારથી વધુ કર્મચારીઓએ હડતાળમાં સમર્થનમાં જોડાયા હતા. હિંમતનગર એસ.ટી. ડીવીઝનની ૧૫૦૦થી વધુ બસોના રૂટ રદ થતાં મુસાફરો અને વિદ્યાર્થીઓને ખૂબ જ હાલાકી ભોગવવી પડી હતી. સામુહિક રીતે એક દિવસીય હડતાળના કારણે સંપૂર્ણ એસ.ટી. તંત્ર જાણે લકવાગ્રસ્ત થઈ ગયુ હોય તેમ માલૂમ પડતુ હતું. જેના કારણે ખાનગી વાહનચાલકોને ખૂબ જ તડાકો થઈ ગયો હતો.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગર એસ.ટી. ડીવીઝન દ્વારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અંતરિયાળ અને મુખ્ય શહેરોને જોડતા વિવિધ રૂટો પર લોકલ અને એકસપ્રેસ બસો દોડાવવામાં આવે છે. વિવિધ પડતર પ્રૌની માગણી તથા રજુઆતોને ધ્યાનમાં લાવવા માટે એસ.ટી. વિભાગના ડ્રાઈવરો, કંડકટરો, પાર્ટ ટાઈમ કર્મચારીઓ તથા અન્ય કર્મચારીઓ પણ ગુરૂવારે એક દિવસીય હડતાળમાં જોડાઈ ગયા હતા. જેના પગલે સવારથી જ એસ.ટી. ડેપોમાં મુસાફરોની અવરજવર ઓછી દેખાતી હતી.

બુધવાર મધરાતથી એસ.ટી. કર્મચારીઓની હડતાળને પગલે એસ.ટી. બસના પૈડાઓ થંભી જતા ગ્રામીણ ક્ષેત્રમાં લોકોએ સૌથી વધુ હાડમારી વેઠવી પડી હતી. લગ્નસરા ટાણે હડતાળના કારણે લોકો હેરાનપરેશાન થઈ ગયા હતા. જે અંગે વણધોલના ધનજીભાઈ સુથાર, પડલાઈના લક્ષ્મણભાઈએ જણાવ્યુ હતું કે અમો મહેસાણા, ખેરાલુ વિસ્તારમાં ફરજ બજાવીએ છીએ, સ્વાભાવિક પણે હાલ લગ્નસરાની મોસમ હોઈ ઘરે આવ્યા હતા. જયાંથી વહેલી પરોઢીયે નોકરી જવા અમારા બસ સ્ટેશને આવ્યા, જયાં ખબર પડી કે બસની હડતાળ છે. જેના કારણે અમોએ ખાનગી વાહનોમાં અમારા ગંતાય સ્થાને પહોંચવુ પડશે. વધુમાં લગ્નમાં જવા નીકળેલા લોકોએ પણ ખાનગી વાહનો જાનમાં રોકાતા અને બસ હડતાળને પગલે સૌથી વધુ હાડમારી વેઠવી પડી હતી.

# આજે તાપી જિલ્લામાં ગુજરાત ગૌરવ દિવસની રાજયકક્ષાએ ઉજવણી

રાજયપાલશ્રી ઓ. પી. કોહલી અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનની ઉપસ્થિતીમાં ગુજરાતના સ્થાપના દિવસ-૧ લી મે ગુજરાત ગૌરવ દિવસની રાજયકક્ષાની ઉજવણી દક્ષિણ-ગુજરાતના વનબંધુ ક્ષેત્ર તાપીના મુખ્યમથક વ્યારામાં થશે. મુખ્યમંત્રીશ્રી આવતીકાલ શુક્રવાર, ૧ લી મે એ સવારે વ્યારા પહોચશે અને મહિલા સંમેલનમાં નારીશકિતને પ્રેરક સંદેશ આપશે. દિવસ દરમ્યાન તેઓ વ્યારાના વિવિધ વિકાસકામોના લોકાર્પણ-ખાતમૂર્હત સંપન્ન કરશે. મુખ્યમંત્રીશ્રી ગુજરાત ગૌરવ દિવસ અવસરે યોજાઈ રહેલી ગૌરવ પરેડ અને વિકાસયાત્રાની ઝાંખી કરાવતા ફ્લોટસને નગરના માર્ગો પર પ્રસ્થાન કરાવશે. તથા ખેડૂત સંમેલનમાં રાજયમાં કૃષિની ગતિ-પ્રગતિથી વનબંધુ કિસાનોને માહિતગાર કરશે.

# ગઢડા ગામે બાઈક સ્લીપ થતા ચાલકનું કરૂણ મોત

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લામાં બુધવાર સાંજ સુધી બે જુદા જુદા અકસ્માતમાં ૨ લોકોના મોત નિપજ્યા હતા. ત્યારે બુધવારની રાત્રે વધુ એક ગોઝારી ઘટનામાં મોડાસા-હિંમતનગર રાજ્ય ધોરીમાર્ગ પર ગઢડા ગામની સીમમાં નવા વડવાસા ગામના યુવાનની બાઈક સ્લીપ ખાઈ જતાં બાઈકચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુંહતું. અકસ્માતની જાણ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને થતાં ઘટનાસ્થળે પહોંચી અકસ્માતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મોડાસા તાલુકાના ગઢડા ગામની સીમમાં ગઈકાલે રાત્રે નવા વડવાસા ગામનો યુવાન કિરીટસિંહ ગુલાબસિંહ ચૌહાણ (ઉં.વ.૨૮) પોતાની મોટરસાઈકલ (નં. જીજે૯એએલ-૮૧૩૭) લઈને હિંમતનગરના જવાનપુર ગામમાં અંગત કામકાજે નિકલ્યો હતો ત્યારે ગઢડા ગામની નજીક ઉમીયાકંપા નજીક આ યુવાને બાઈકના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતાં બાઈકથી દૂર ૧૫ ફૂટ જેટલા ફેંકાતા યુવાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યુંહતું. આ અકસ્માતની જાણ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનને થતાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અકસ્માતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે નવાવડવાસા ગામમાં અકસ્માતમાં યુવાનનું મોત નિપજતાં ઘટનાસ્થળે વડવાસા ગામના લોકો અને પરિવારજનો ઉમટી પડ્યા હતા. મૃતક યુવાનની સાસરી પણ ઘટનાસ્થળની નજીક હોવાથી સાસરીયા પક્ષના લોકોએ રોકોકળ કરી મુકી હતી.

## ગુજરાત રાજ્યના ૫૫મા સ્થાપના દિન નિમિત્તે શુભકામનાઓ પાઠવતા રાજયપાલશ્રી

ગુજરાત રાજ્યના ૫૫મા સ્થાપના દિન - 'ગુજરાત ગૌરવ દિન' નિમિત્તે ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. રાજ્યપાલશ્રીએ તેમના શુભએચ્છા સંદેશમાં જણાવ્યું છે કે ગુજરાત રાજ્ય આજે સમગ્ર દેશ અને વિશ્વમાં વિકાસના નવા કિર્તિમાન પ્રસ્થાપિત કરી અગ્રેસર બન્યું છે. ગુજરાતની ખંતીલી પ્રજાની અનેક વિશેષતાઓ રહી છે. રાજ્યના લોકો તેમના સરળ સ્વભાવ, શાંતિ પ્રિયતા તથા વ્યવસાયિક સાહસિકતા અને કુશળતા દ્વારા વિકાસની નવી કેડીઓ કંડારી દુનિયાભરમાં જાણીતા બન્યા છે.

## શબ્દાવલી - ૫૭૧૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | | | |
| ૯ | | ૧૦ | ■ | ■ | ■ | ૧૧ | |
| | ■ | ૧૨ | | ૧૩ | ૧૪ | ■ | |
| ૧૫ | ૧૬ | | ■ | ૧૭ | | ■ | |
| ૧૮ | | ■ | ■ | ૧૯ | | ■ | ■ |
| ■ | ૨૦ | ૨૧ | | ■ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૨૫ | | | ■ | ૨૬ | | | |

### આડી ચાવી

૧. મંજુરી, લાયસન્સ (૪)
૪. ખટમલ, જંતુ (૩)
૭. લહી, ગુંદર (૨)
૮. કમનસીબ (૫)
૯. કલાકાર, કસબ-હુનર જાણકાર (૩)
૧૧. શંકા, વ્હેમ (૨)
૧૨. મનથી થયેલ (રોગ) (૪)
૧૫. વિમાન - વહાણની દિશા નક્કી કરનાર સાધન (૩)
૧૭. મળી, મળવું (૨)
૧૮. મમ્મીના ભાઇ... થાય (૨)
૧૯. નવું (હિન્દીમાં) (૨)
૨૦. મીલકટીયું, ડબ્બા જેવું હેન્ડલ વાળું વાસણ (૩)
૨૨. પ્રેમ કે હેત રાખનાર સ્ત્રી (૩)
૨૫. નાની ડાળ, ઝાડની શાખા (૩)
૨૬. ઠામ ઠેકાણું (૪)

### ઊભી ચાવી

૧. આંખના પલકારામાં, સ્હેજ વારમાં (૬)
૨. ધનવાન (૩)
૩. પહોળુ તગારા જેવું વાસણ (૨)
૪. સન્માન (૨)
૫. અનુભવ, યાદ પહોંચી હોય તેવું (૩)
૬. પીધેલા વાસણથી બોળાબોળ (૫)
૧૦. રોગી, માંદુ (૩)
૧૩. ઋતુ, મોસમ (૩)
૧૪. ચણવાનું કામ (૫)
૧૬. હાલકડોલક (૫)
૨૧. લખાણ, મે તમને ચીઠી... છે (૨)
૨૩. ગળ્યા, મધુર (૨)
૨૪. નિયમ (૨)

### શબ્દાવલી ૫૭૧૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) સદાબહાર (૫) માફ (૭) ત્યકતા (૮) ફુલઝરી (૯) તડબુચ (૧૧) મદ્ય (૧૨) તર (૧૩) કાકડી (૧૪) નીર (૧૫) ભલા (૧૬) વનીતા (૧૯) સલીલ (૨૦) રામજી (૨૧) કામવા (૨૨) યાતના (૨૩) રક્ત

**ઊભી ચાવી :-** (૧) સત્ય (૨) દાકતર (૩) બતાડ (૪) રફુચક્કર (૫) માઝમ (૬) ફરીદ જલાલ (૧૦) બુકાની (૧૨) તરવરાટ (૧૫) ભલીવાર (૧૭) નીમ (૧૮) તાજીયા (૧૯) સમ (૨૧) કાના

## હોદ્દેદારોની ચૂંટણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળી હતી. જેમાં દરેક સભ્યને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને ૧૦.૩૦ સુધીમાં કોર્પોરેશન પહોંચવા જણાવાયુ છે.

કોંગ્રેસના કાઉન્સીલરોની પણ સભા અગાઉ બેઠક મળશે અને તેમાં રણનીતિના કાર્ડ ખોલવામાં આવશે. બન્ને પક્ષો જો અને તો ના ગણિત આધારે વ્યુહરચના તૈયાર થઈ રહી હોવાનું જાણવા મળેલ છે.

## એસ.ટી.નો ચક્કાજમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મનાય છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચેની ૩૦૦ ટ્રીપ બંધ રહી હતી. છઠ્ઠા પગારપંચની વિસંગતા દુર કરવા ઉપરાંત કેન્દ્ર સરકારના રોડ સેફટીનુ બંધારણ કર્મચારીઓના વિરોધમાં હોવાના વિરોધ સાથે ગાંધીનગર ડેપોના ૬૦૦ જેટલા કર્મચારીઓ પણ આ હડતાલમાં જોડાયા હતા.ગઈકાલે રાત્રે ૧૨ કલાકથી એસ ટી ડેપોના પૈડા થંભી ગયા હતા.

એસ ટી ના કર્મચારીઓની સંકલન સમિતિ દ્વારા વિવિધ માંગણીઓ સંદર્ભે આજરોજ માસ સી એલના કાર્યક્રમ અન્વયે એસ ટીના કર્મચારીઓએ હડતાળ રાખી હતી. છઠ્ઠા પગારપંચની વિસંગતતા દુર કરવા , ઓવરટાઈમ સમયસર મળતો ન હોવાની સાથે જૂના પગારપંચ મુજબ ઉચ્ચ પગાર ધોરણ આપવા સહિત કેન્દ્ર સરકાર દ્વારા રાડ સેફટીનુ બંધારણ લાગુ પાડવાની નિતિના વિરુધ્ધમાં કર્મચારીઓ માસ સી એલ પર ઉતરી ગયા હતા. આ મામલે અગાઉ પણ વારંવાર રજુઆત કરવા છતા કાઈ પગલા ન લેવાયો હોવાનો સુર સાથે એસ ટી બસના પૈડા થંભી ગયા હતા. ગઈકાલે માડીરાતથી જ એસ ટી બસ સેવા બંધ કરી દેવાઈ હતી. જયારે માડી રાત્રે અમદાવાદ જતા મુસાફરોને ધ્યાને લઈ ખાસ બસ મુકવામાં આવી હતી. જયારે આજે સવારથી જ ગાંધીનગર ડેપોમાં બસોની અવર જવર સદંતર બંધ રહી હતી. બસો બંધ રહેતા મુસાફરો અટવાયા હતા. ખાસ કરીને કર્મચારીગણ અને વિધાર્થીઓએ પણ ખાનગી વાહનો પકડવાનો વારો આવ્યો હતો. એસ ટી બંધ રહેતા શટલીયા જીપ સહિતના ખાનગી વાહનોને રોકડી થઈ હતી. બીજીતરફ કર્મચારીઓની પાઈન્ટ બસસેવા પણ બંધ રહેતા ખાનગી વાહનો ભરચક જોવા મળ્યા હતા.પોઈન્ટ બસ સેવાની ૮૦ બસો બંધ રહી હતી. જા કે સાંજના સમયે કર્મચારીઓ માટે ખાસ એ એમ ટી એસની ૨૦ બસો મુકવામાં આવી હતી. એસ ટી ની એક દિવસની હડતાળના અંતે અંદાજિત ૩૦ હજાર મુસાફરો પ્રભાવિત થયા હતા. જયારે નિગમે અંદાજે રૂપિયા ૬ લાખનો આર્થિક ફટકો વેઠવો પડયો હતો.

## રોશનીથી ઝળહળશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાજરીમાં સ્વચ્છતા અંગે નાગરિકોને શપથ પણ લેવડાવવામાં આવશે. જયારે આ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવશે.સ્થાપના દિવસની ઉજવણીને અનુલક્ષી શહેરી વિસ્તારમાં વિશેષ સફાઈ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે.સ્વચ્છતા મિશન અંતર્ગત શહેરી વિસ્તારમાં મુખ્ય માર્ગો સહિત સર્કલોની પણ સફાઈ કરવામાં આવશે.આ ઉપરાંત આજે નગરમાં સ્થિત મહાનુભાવોની પ્રતિમાઓની પણ સફાઈ કરવામાં આવી હતી. સ્થાપના દિવસ અન્વયે જિલ્લા કક્ષાની ઉજવણી કલોલમાં થવાની છે. ત્યારે વિવિધ સ્થળોએ રોશની પણ કરવામાં આવશે.જેમાં કલોલમાં પ્રાંત અધિકારીની કચેરી, પાલીસચોકી, ટાવર, તાલુકાપંચાયતની ઓફિસ, કોર્ટ બિલ્ડીંગ સહિત પેટ્રોલપંપને પણ રાશનીથી સજાવવામાં આવશે. જયારે ગાંધીનગરમાં પણ વિવિધ સરકારી બિલ્ડીંગોને રંગબેરંગી રોશની કરવામાં આવશે. જેમાં પાટનગર યોજના ભવન ઉપરાંત ઉધોગભવન, સચિવાલય, વિધાનસભા અને સ્વર્ણિમપાર્ક સહિતના વિસ્તારમાં રાશની કરવામાં આવશે. સ્થાપના દિવસની રાતે નગરમાં અનોખો જગમગાટ જોવા મળશે. રાત્રિના સમયે નગરમાં રોશનીનો ઉજાસ પથરાયેલો જોવા મળશે. ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ પણ નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યુ હતુ. નગરના મુખ્ય માર્ગો સહિત સર્કલો અને વિવિધ બિલ્ડીંગો પર રોશનીની ઝળહળા નિખરી ઉઠી હતી. જાહેર ઉત્સવોના સમયે નગરને રોશનીથી શણગારવાનો ટ્રેન્ડ થઈ ગયો છે.

## મુક્તિધામમાં ધાડ પાડનાર...

● ત્રીજા પાનાનું ચાલુ

દિનેશ વિઢીયા ગુડીયા રહે. દાહોદ અને પર્વતનાં અન્ય ચાર થી પાંચ માણસો સાથે મળી લુંટ આચરી હોવાની કબુલાત કરી છે. જેમાં પર્વતના તમામ સાગરીતો મધ્યપ્રદેશના હતા અને પર્વત મુખ્ય સુત્રધાર હતો. પર્વત અગાઉ સ્મશાનની બાજુમાં ડમ્પીંગ સાઈટ પાસે ચાલતા બાંધકામ દરમિયાન મજુરી કામ કરવા આવ્યો હતો. તે સમયે સ્મશાનની તિજોરીમાં બે થી અઢી લાખ જેટલી રકમ પડી રહેતી હોવાનું તેણે સિકયુરીટી પાસેથી જાણ્યું હતું. ત્યાર બાદ આ સ્થળે ચોરી કરવાનો પ્લાન ઘડી વતન ગયા બાદ ત્યાંથી અન્ય સાગરીતો સાથે દેશી તમંચા સાથે કમલેશના છાપરે આવ્યો હતો. બાકીના માણસોને સ્મશાન પાછળ નદીના પુલ નીચે મળવા બોલાવી ગેંગ ભેગી કરી હતી અને સ્મશાન પાછળ જાળી તોડી અંદર ઘુસીને ધાડને અંજામ આપ્યો હોવાની કબુલાત કમલેશે કરી છે. આરોપીને એલસીબીએ સે-૨૧ પોલીસને સોંપતા સે-૨૧ પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

**ટુંકી મુદતની જાહેર નિવિદા નં.-૨ સને ૨૦૧૫-૨૦૧૬**

(ફક્ત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેકટર-૧૬, ગાંધીનગર દ્વારા વીજળીકરણને લગતા કામોની અંદાજીત કિંમ. રૂ. ૨,૭૮,૩૩૫.૮૦ છે. યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૨/૫/૨૦૧૫ના રોજ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી છે. અને પરત મેળવવાની છેલ્લી તા. ૭/૫/૨૦૧૫ ૪-૦૦ વાગ્યા છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

માહિતી/૨૩૮/૨૦૧૫-૧૬